# ઊંઝામાં ગુના વધતા પોલીસની નિષ્ક્રિયતા સામે ભારે રોષ

ઊંઝા, તા. ૭

ઊંઝા શહેરમાં પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરૂદ્ધના ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું હોઈ લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

ઊંઝા ખાતે પાટણ રોડ પર આવેલ અવધપુરી સોસાયટીના એક બંધ મકાનના દરવાજાનો નકૂચો તોડી કોઈ તસ્કરો રૂપિયા ૨૩ હજારની કિંમતના મુદ્દામાલની ચોરી કરી ગયા હોવાનો બનાવ બનેલ છે.

વિગત એવી છે કે ઊંઝા નજીકના ઉનાવા ગામે કમાણીયા પરૂમાં રહેતા પટેલ જીતેન્દ્રકુમાર કાન્તિલાલે ઊંઝા ખાતે પાટણ રોડ પર આવેલ અવધપુરી સોસાયટીમાં ભાડેથી મકાન રાખ્યુ હતુ. તા. ૩-૨-૧૭થી ૫-૨-૧૭ સુધીમાં કોઈપણ સમયે કોઈ અજાણ્યા શખ્સોએ આ બંધ મકાનના દરવાજાનો નકૂચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

બાદ મકાનમાંથી રૂપિયા ૨૩ હજારની કિંમતની મત્તાના મુદ્દામાલની ઉઠાંતરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. આ બાબતે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન ગામે ગામ સુધી પહોંચી ગયુ છે. આ અભિયાન થકી દરેક ગ્રામીણ વિસ્તારોમાં પણ નાગરિકો સ્વચ્છતા બાબતે જાગૃત થઈ રહ્યાં છે. ગાંધીનગરના પાદરે આવેલા આલમપુર ગામે પણ ''ગ્રામ સ્વચ્છતા અભિયાન''નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના સરપંચ, ગ્રામ સભાના સભ્યો તથા ગામના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

# ગાંધીનગર ખાતે સાયબર સુરક્ષા દિવસની ઉજવણી સંપન્ન

ગાંધીનગર, તા.૭

ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, આજના વિકસિત યુગમાં ટેકનોલોજીના કારણે ગુનાની પરિભાષા બદલાઈ રહી છે ત્યારે તેનો સામનો કરવા માટે રાજ્ય સરકાર અને પ્રજાજનોએ વધુ સજ્જ બનવું પડશે.

આજે ગાંધીનગર ખાતે સાયબર સુરક્ષા દિવસ-૨૦૧૭ની ઉજવણીનો શુભારંભ કરાવતા મંત્રી જાડેજાએ ઉમેર્યું હતું કે, ૨૧મી સદીમાં સાયબર ક્રાઈમનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે ગુજરાતે આ ક્ષેત્રે પણ આવા પડકારોને પહોંચી વળવા માટે નવતર પહેલ કરીને સાયબર સુરક્ષા કવચની રચના કરીને સમગ્ર દેશને નવો રાહ ચિંધ્યો છે. સાથે સાથે રાજ્ય સરકારની દ્રઢ ઈચ્છાશક્તિને કારણે સાયબર ગુના ઉકેલવા માટે હવે રાજ્ય સરકાર પાસે ટેકનોલોજી અને સાયબર ગુનાથી સજ્જ કર્મચારી-અધિકારી એવા સાયબર કોપ્સ ઉપલબ્ધ છે જેનાથી આ ક્ષેત્રે વધુ અસરકારકતા સાધી શકાશે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, સાયબર ક્રાઈમના ગુનાઓને કોર્ટમાં સાબિત કરી શકાય તે માટે પુરાવા નાશ ન પામે તે રીતે તપાસ કરાવી કોર્ટમાં આવા ગુનાઓ પુરવાર કરી શકાય અને ગુનેગારોને આઈ.ટી. એકટ અને અન્ય આનુષાંગિક કાયદાઓ મુજબ કાયદાની ચુંગાલમાં લાવીને સખ્ત શિક્ષા કરી શકાય તેવું શોધવા માટે કોઈ કેન્દ્રસ્થ વ્યવસ્થા તંત્ર નથી. ઉપરાંત આવા ગુનાઓ બનતા અટકાવવા માટે લોક જાગૃતિ અતિ આવશ્યક છે. આ માટે ગુજરાતે દેશભરમાં ઉદાહરણરૂપ કામગીરી કરીને સાયબર સુરક્ષા સંદર્ભે પોલીસ તંત્રમાં એક નવી જ



વ્યવસ્થાતંત્ર ગોઠવવું જરૂરી બન્યું છે. સામાન્ય રીતે લોકો જ્યારે વ્યક્તિગત કે સંસ્થાગત રીતે સાયબર ક્રાઈમનો ભોગ બની રહ્યા છે તેની તેમને જાણ જ હોતી નથી અને જયારે જાણ થાય ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. રાજ્યમાં આ પ્રકારના સાયબર એટેક અટકાવવા માટે અને વ્યવસ્થા ઉભી કરી છે. વિકસીત દેશોમાં જે રીતે સાયબર સુરક્ષા તંત્ર ગોઠવવામાં આવે છે તે રીતે ગુજરાત રાજ્યમાં સાયબર ક્રાઈમના કેસોના ઉકેલ માટે સાયબર સુરક્ષા કવચની રચના કરી છે. જેના દ્વારા રાજ્યભરમાં જનજાગૃતિ કાર્યક્રમો યોજાશે.

# રાજ્યભરમાં કોલ્ડવેવ : નલિયામાં પારો ૪.૮

અમદાવાદ, તા.૭

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાત ફરી એકવાર તીવ્ર ઠંડીના સકંજામાં આવી ગયું છે. નલિયામાં આજે પારો વધુ ગગડીને ૪.૮ સુધી નીચી રેકોર્ડ સપાટીએ પહોંચી ગયો હતો. રાજ્યના અન્ય ભાગોમાં પણ પારો ૧૦થી નીચે ગગડી ગયો છે. અમદાવાદ શહેરમાં પારો આજે ગઈકાલે સોમવારના દિવસે ૧૦.૨ ડિગ્રીની સામે ૯.૬ ડિગ્રી થઈ ગયું હતું જેના કારણે ગઈકાલની સરખામણી કરતા વધારે ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. તીવ્ર ઠંડીનું મોજુ હાલ અકબંધ રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કોલ્ડવેવની ચેતવણી નવી જારી કરવામાં આવી નથી પરંતુ કોલ્ડવેવ કચ્છ ઉપર રહેતા તેની તીવ્ર અસર તાપમાન ઉપર જોવા મળી છે. આજે રાજ્યમાં જુદા જુદા ભાગોમાં પારો વધુ ગગડી ગયો હતો. ડિસામાં ૧૦.૨, ગાંધીનગરમાં ૮.૫, ભુજમાં ૧૦, કચ્છ-માંડવીમાં ૧૦, રાજકોટમાં ૧૦.૩ ડિગ્રી લઘુત્તમ તાપમાન રહ્યું હતું. આનો મતલબ એ થયો કે, રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ફરી એકવાર ઠંડીનો તીવ્ર ચમકારો લોકોએ અનુભવ કર્યો હતો અને ફરી લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ થઈ ગયા છે.

અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આવતીકાલે મુખ્યરીતે સ્વચ્છ વાદળા રહેશે પરંતુ આગામી બે ત્રણ દિવસ સુધી ઠંડીથી લોકોને રાહત નહીં મળે તેવી શક્યતા છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે વધુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. કચ્છ પ્રદેશમાં કોલ્ડવેવની સ્થિતિ પ્રવર્તી રહી છે. હવામાન વિભાગ તરફથી કોઈ ચેતવણી ઓછા તાપમાનને લઈને જારી કરાઈ નથી પરંતુ લોકોને આગામી દિવસોમાં ફરીથી સાવધાન રહેવાની જરૂર પડશે. લોકો માની રહ્યા હતા કે ઠંડીની પૂર્ણાહુતિ થઈ ગઈ છે પરંતુ એકાએક તીવ્ર ઠંડીની વાપસી થઈ છે અને પારો રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગગડી ગયો છે. લોકો ફરીવાર ગરમ વસ્ત્રો કાઢી ચુક્યા છે. દિવસ દરમિયાન લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ દેખાયા હતા.

ઠંડા પવનોનો અનુભવ લોકોએ કર્યો હતો. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે કચ્છ ઉપર કોલ્ડવેવની સ્થિતિ રહેલી છે. જેથી આગામી બે ત્રણ દિવસ દરમિયાન પારો નીચી સપાટી ઉપર રહી શકે છે. હાલમાં જ સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ માવઠાના સમાચાર મળ્યા હતા. ઘણા વિસ્તારમાં અમી છાંટણા થયા હતા.

દેવભૂમિ દ્વારકા અને કચ્છના કેટલાક ભાગોમાં માવઠું થયું હતું.હાલમાં તીવ્ર ગરમીનો અનુભવ અમદાવાદ શહેરમાં થયો હતો. બપોરના ગાળામાં તાપની સ્થિતિ રહી હતી. જાણકાર લોકો માની રહ્યા છે કે શિવરાત્રી સુધી ઠંડીના ચમકારાનો એક રાઉન્ડ હજુ આવી શકે છે.

# ભાજપ સરકારની બેધારી નીતિથી ટોલટેક્ષમાં કરોડો રૂપિયાની ઉઘાડી લૂંટ

જૂના અમદાવાદ - વડોદરા વચ્ચે અવર-જવર કરવામાં રૂ. ૩૫૦ જેટલો અસહ્ય ટોલટેક્ષ ઉઘરાવતી ભાજપ સરકાર દ્વારા કરોડો રૂપિયાની ચલાવાતી ઉઘાડી લૂંટ સામે આક્રોશ વ્યક્ત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, અમદાવાદ - મુંબઈ એક્સપ્રેસ હાઈવે કરતાં પણ અમદાવાદ - વડોદરા વચ્ચેના જૂના રોડ પર ડબલ કરતાં વધારે લેવામાં આવતો ટોલટેક્ષ તાત્કાલિક અસરથી બંધ કરવો જાઈએ.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ વધુમાં જણાવે છે કે, ગુજરાત રાજ્યમાં ભાજપ સરકાર દ્વારા ટોલટેક્ષ બાબતે બેધારી નીતિ અપનાવી પ્રજાને ખૂલ્લેઆમ લૂંટવામાં આવી રહી છે. જેમકે, અમદાવાદ - મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર વડોદરા સુધી કારમાં જવા માટે રૂ. ૯૦ની ઉઘરાણી કરવામાં આવે છે. જ્યારે અમદાવાદથી વડોદરા જવાના જુના રોડ બે ટોલ પ્લાઝા ખાતે કુલ રૂ. ૧૭૫ ઉઘરાવવામાં આવે છે. વર્ષો સુધી કેન્દ્ર સરકાર ઉપર દોષનો ટોપલો ઢોળી છટકી જતી ગુજરાતની ભાજપ સરકારે આ ટોલટેક્ષ ઉઘરાણીમાં ઉઘાડી લૂંટ ચલાવવાનો ખૂલ્લો પરવાનો મેળવી લીધો છે. ભાજપની કેન્દ્ર અને રાજ્ય સરકારની ટોલટેક્ષ માટે કોઈ ચોક્કસ નીતિના અભાવે કોન્ટ્રાક્ટર મેળવનારી મળતીયા એજન્સીઓને પણ જલસા પડી જાય છે. જે તે રોડ તેમજ પૂલના

**અમદાવાદ-વડોદરાના જુના રોડ પર એક્સપ્રેસ હાઈવે કરતાં પણ બમણો ટોલટેક્ષ ઉઘરાવી ભાજપ સરકાર દ્વારા ચલાવાતી લૂંટ તાત્કાલિક બંધ કરવી જાઈએ : ડો. હિમાંશુ પટેલ**

બાંધકામ પછી બે-પાંચ વર્ષનાં નિયત સમય માટે નિશ્ચિત ટોલટેક્ષ લેવાના બદલે આ એજન્સીઓ છ-બાર મહિને ટોલ રકમમાં અસહ્ય ભાવવધારો કરતા રહે છે. આ ઉપરાંત આજીવન સુધી કરાતા આ ઉઘરાણામાં વર્ષો સુધી રોડ રી-સર્ફિંગ સહિત અકસ્માત વખતે પણ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવતી નથી.

ભાજપ સરકારની બેવડી નીતિના કારણે ટોલ પ્લાઝા ખાતે વિવિધ કાર્ડ અને યોજનાઓ જાહેર કરી કંપનીઓને લખલૂંટ ફાયદા કરી આપવામાં આવે છે. પરંતુ દર વર્ષે અસહ્ય ટોલટેક્ષના કરાતા ભાવવધારામાં ક્યારેય કોઈ રાહત ભાજપ સરકાર દ્વારા આપવામાં આવી નથી. ભાજપ સરકારને ટોલટેક્ષ મારફતે થતી કરોડો રૂપિયાની આવકમાં મુખ્યમંત્રી સહિત મંત્રીઓ હવામાં ઉડતા રહી મોજમજા કરી રહ્યા છે. જ્યારે સ્થાનિક પ્રજાને આ રોડ ઉપર ટોલટેક્ષ ભરવાના કડવા અનુભવો થાય છે. ભાજપ સરકારને અમદાવાદ વડોદરા વચ્ચેના જુના રોડ ઉપરનો ટોલટેક્ષ તાત્કાલિક અસરથી નાબુદ કરવાનું જણાવતા તેમણે ઉમેર્યું છે કે, ભાજપ સરકારે ટોલ પ્લાઝાની શરૂઆત સાથે જ તેનો સમય અને ટોલટેક્ષની ફિક્સ રકમ જાહેર કરી જાઈએ છે. આ ટોલટેક્ષ એસ.ટી. બસો માટે પણ સંપૂર્ણપણે રદ કરી મુસાફરોને એસ.ટી. બસ ભાડામાં રાહત આપવી જાઈએ.

# બ્રહ્માકુમારીઝના દાદી જાનકીજીએ 'ઓમશાંતિ' મહામંત્રના ત્રણ સામુહિક ઉચ્ચારણ કરાવી સમગ્ર વિશ્વને આપી ''શાંતિ''ની અણમોલ ભેટ

ગાંધીનગર, તા. ૭

સને ૧૯૩૭થી પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરિય વિશ્વ વિદ્યાલયના આદ્યસ્થાપક પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માબાબા સાથે રહી સતત ૮૦ વર્ષની રાજયોગ તપસ્યાના બળથી ૧૦૧ વર્ષની



ઉમંરે પણ સમગ્ર વિશ્વના ૧૪૭ દેશોમાં આધ્યાત્મિક ક્રાંતિ માટે કટિબદ્ધ ૯,૦૦૦ સેવા કેન્દ્રોનું સક્રિયતા અને સતર્કતા સાથે આદર્શ સંચાલન કરતાં મુખ્ય પ્રશાસિકા વિશ્વ વંદનિય દાદી જાનકીજીનું આજે ગાંધીના ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં હજ્જારો રાજયોગી ભાઈ બહેનોની હાજરીમાં સેક્ટર-૨૮, ગાંધીનગર સેવાકેન્દ્રના સંચાલિકા રાજયોગિની કૈલાશદીદીજી, ચિલોડા સેવાકેન્દ્રના સંચાલિકા બી.કે. તારાબેન, ઉર્જાનગર સેવાકેન્દ્ર સંચાલિક બી.કે. રંજનબેન તથા સેક્ટર-૨, ગાંધીનગર સેવા કેન્દ્ર સંચાલિકા બી.કે. ભાવનાબેન દ્વારા સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. આધ્યાત્મિક અનુશાસનના હિમાયતી દાદીજીએ વક્તવ્યની શરૂઆત બ્રહ્માકુમારીઝના મહામંત્ર ઓમ શાંતિનું જ્યારે ત્રણ વાર સામુહિક મંત્રોચ્ચારણથી કરાવેલ ત્યારે તો શાંતિના સાગર પરમપિતા શિવ પરમાત્મા તેમનું નિવાસ સ્થાન પરમધામ છોડી ધરતી પર પધાર્યા હોય તેવો સૌને અહેસાસ થયેલ.

દાદીજીએ આ પ્રસંગે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી બાપુજીની યાદ તાજી કરાવેલ અને તેમની અમૃતવાણી અને અનુભવની સરિતા વહેવડાવેલ. અંતમાં સંસ્થાના યુનિફોર્મ-શ્વેતવસ્ત્ર તથા સંસ્થાના બેઝમાં સજ્જ બ્રહ્માકુમાર ભાઈ બહેનોને આદરણીય દાદાજીએ તેમની વ્યાપક જાગૃતિ અને દિવ્ય ચક્ષુ સહ ખુલ્લા નેત્રે યોગયુક્ત, વિદેહી તથા વરદાની દૃષ્ટીથી યોગાભ્યાસ કરાવી સમગ્ર વિશ્વમાં શાંતિ અને વૈશ્વિક ભાઈચારાના પ્રકમ્પનો વહેવડાવેલ.

# પ્રાંતિજ સ્ટેટ બેંકના મહિલા કર્મચારીને છેતરી ૧.૨૮ લાખ લઈ ગઠિયો ફરાર

પ્રાંતિજ, તા.૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આવેલ સ્ટેટ બેંક ખાતે મૂથુટ ફાઈનાન્સ ની મહિલા કર્મચારી ને ડુલ્લુ બનાવી ગઠીયો ૧,૨૮૦૦૦ લઈને રફુચક્કર થતાં મહિલા કર્મચારી દ્વારા અજાણ્યા ઈસમ સામે પોલિસ ફરીયાદ કરી .

પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આવેલ સ્ટેટ બેંક માં મૂથુટફાઈનાન્સ માં નોકરી કરતી મહિલા ખુશ્બુ બેન ભાવીક કુમાર નવિનલાલ શાહ રહે. શાંન્તીનાથ સોસાયટી રેલ્વે સ્ટેશન પ્રાંતિજ કે જેવો બેંક માં પૈસા લેવાં ગયાહતા અને તેવો એ બેકમાંથી ૨૦૦૦ના દર ની ૧૦૦નોટો એટલેકે બે લાખ તથા બીજી ૨૦૦૦ ના દર ની ૭૫ નોટો એટલેકે દોઢ લાખ મળી કુલ- ૩,૫૦૦૦૦ બેંક માંથી ઉપાડયા હતાં અને તેવો રૂપિયા ગણતાં હતાં તે સમયે અચાનક ૩૦થી ૩૫ વર્ષ નો અજાણ્યો ઈસમ તેમણી પાસે આવીને બહેનને કહેવા લાગ્યો બંડલ માં ચાર નોટો નકલી છે અને ચાર નોટો ૨૦૦૦ ની છે તેમ કહીને બહેન ની પાસે થી બન્ને બંડલ લઈ ને તેની ઉપર લગાવેલ લબર કાઢી ભેગી કરી ચાર નોટો પણ મુકીને પરત ક્યું જયારે બંડલ માંથી ૨૦૦૦ના દરની ૬૪ નોટો એટલેકે ૧,૨૮૦૦૦ કાઢી લીધા હતાં અને તરતજ છુમંતર થયો હતો અને મહિલાને ખબર પડતાં નોટો ગણતાં બંડલ માંથી ૬૪ નોટો ઓછી પડતાં બુમાબુમ કરી હતી જયારે અજાણ્યો ઈસમ આજુબાજુ ના દેખાતા પોતે છેતરાયા હોવાનો અહેસાસ થયો હતોઅને ખુશ્બુબેન શાહ દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશન માં અજાણ્યા ઈસમ વિરૂધ્ધ પોલિસ ફરીયાદ કરી હતી અને પોલિસે ગુનોનોધી બેંક માં આવેલ સીસીટીવી કેમેરા સહિત તપાસ હાથધરી હતી.

# હવે, દર મંગળવારે શિક્ષકો ખાદી વસ્ત્રો પરિધાન કરવા સંકલ્પ લેવાયો

અમદાવાદ, તા.૭

મહાત્મા ગાંધીજીના ખાદી વિચાર અને ખાદી ધ્વારા ગ્રામિણ અર્થતંત્રને પ્રોત્સાહન મળે તેવા ઉમદા હેતુ સાથે રાજયના શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા અધિકારી, કર્મચારી, શિક્ષકો વગેરે અઠવાડિયામાં એક દિવસ ખાદી પહેરે તેવા શિક્ષણ વિભાગનાં સકલ્પને સાકાર કરવાના ભાગરૂપે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને પ્રાથમિક શિક્ષણ રાજયમંત્રી નાનુભાઈ વાનાણીની અપીલને માન આપીને આ તમામ સંવર્ગ અઠવાડિયામાં એક દિવસ એટલે કે દર મંગળવારે ખાદી વસ્ત્ર પરિધાન કરશે તેવો સંકલ્પ શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા સંગઠનોએ કર્યો છે. આજે શિક્ષણ વિભાગની મળેલી સપ્તાહિક સમીક્ષા બેઠકમાં પણ આ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તે અંતર્ગત શિક્ષણ વિભાગ હસ્તકની વડી તથા જિલ્લા, તાલુકા કચેરીના અધિકારી, કર્મચારીઓ પણ મંગળવારે ખાદી ફોર નેશન ખાદી ફોર ફેશન સુત્રને ચરિતાર્થ કરી ખાદી વસ્ત્ર પરિધાન કરે તેવો સંકલ્પ કરાયો હતો. ઉલ્લેખનીય છે કે, શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક, આચાર્ય અને વહીવટી કર્મચારીઓ સાથે રાજયમાં અંદાજે ૩ લાખથી વધુ શિક્ષકો, કર્મચારીઓની સંખ્યા થવા જાય છે. આટલી સંખ્યામાં અઠવાડિયામાં એકવાર અર્થાત મંગળવારે ખાદી વસ્ત્ર પરિધાન કરવાનો સંકલ્પ સાકાર થયે ખાદી અર્થ તંત્રને પણ નવો વેગ મળશે. તેવી શિક્ષણમંત્રીએ આશા વ્યક્ત કરી હતી. અઠવાડિયામાં એકવાર ખાદી વસ્ત્ર પરિધાન કરવાની ગાંધિ નિર્વાણ દીને શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કરેલી જાહેરાતને રાજય અને રાષ્ટ્રીય સ્તરે પણ વ્યાપક સમર્થન અને આવકાર મળે છે. ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના ચેરમેન વિનયકુમાર સકસેનાએ રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર પાઠવી આવો ઉમદા સંકલ્પ લેવા બદલ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને શિક્ષણ વિભાગને અભિનંદન પાઠવતા જણાવ્યું છે કે, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના આ નિર્ણયથી ખાદી ક્ષેત્રે કામ કરનાર કારીગરોને સતત રોજગાર ઉપલબ્ધ કરાવવાની દિશામાં વેગ મળશે સાથોસાથ ખાદી ઉત્પાદન કાર્યક્રમને પણ વેગ મળશે. શિક્ષણમંત્રીની અપીલને હૃદયપૂર્વક સ્વીકારી પોતાના સભ્યોને અઠવાડિયામાં એકવાર એટલે કે દર મંગળવારે ખાદી વસ્ત્ર પરિધાન કરવા જે વિવિધ શિક્ષક સંઘોએ પોતાના સભ્યોને અપીલ કરી છે.

## બાળક-શિક્ષકની હાજરી

(આઠમા પાનાનું અનુ.)

આ એપથી શાળામાં બાળકોની હાજરીનું પણ મોનીટરીંગ થશે. જેમાં નિયમિત વિદ્યાર્થીઓ અને ગેરહાજર વિદ્યાર્થીઓની વિગતો ઉપલબ્ધ બનશે. આનાથી શાળામાં બાળકનું સ્થાયીકરણ વધશે એટલું જ નહિ ગેરહાજર બાળકના વાલીનો સંપર્ક કરી બાળક કેમ ગેરહાજર છે તેની પણ ખબર પડી શકશે.

શાળામાં શિક્ષકોની હાજરીનું પણ મોનીટરીંગ આ એપ દ્વારા થશે. આમ એક એપ દ્વારા ત્રિવિધ બાબતોનું મોનીટરીંગ શિક્ષણ અને આરોગ્યની સેવાઓને સઘન બનાવશે તેમ તંત્રના સૂત્રોનું માનવુ છે.

તાજેતરમાં જિલ્લા વિકાસ અધિકારી દેસાઈએ શાળાધિકારીઓની બેઠકમાં આવો વિચાર રજુ કર્યો હતો અને તાબડતોબ મોબાઈલ એપ તૈયાર કરવામાં આવી છે. આ એપમાં એન્ટ્રી માટે કોમ્પ્યુટર અને મોબાઈલથી એન્ટ્રી કરી શકાશે. આ એપમાં એક જ વખત એન્ટ્રી કરી શકાશે.

## એલ ઇ ડી લાઇટ

(આઠમા પાનાનું અનુ.)

લાઈટનુ સફેદ અજવાળુ વધુ સોહામણુ ભાસશે હાલ શહેરના મુખ્ય માર્ગો તેમજ હાઈમાસ્કમાં એલ ઈ ડી લાઈટ ફીટ કરી દેવાઈ છે. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ એલ ઈ ડી લાઈટ ફીટ કરી દેવાઈ છે.આગામી સપ્તાહમાં બાકી કામ પણ પુર્ણ કરી દેવાશે. જયારે હાલ એલ ઈ ડી ના ફિટીંગ બાદ પણ સેકટરોમાં કેટલાક ઠેકાણે લાઈટો ડુલ હોવાની ફરિયાદો પણ કાને અથડાય છે. ત્યારે તંત્ર દ્વારા આ મામલે યોગ્ય સર્વે હાથ ધરવાનો નિર્ણય પણ લેવાયો છે. સુત્રોના જણાંવ્યા મુજબ સેકટરોમાં બંધ એલ ઈ ડી લાઈટની માહીતી જાણવા માટે અભ્યાસ હાથ ધરાશે. આમ નાગરિકોની ફરિયાદો દુર કરવા માટે હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવશે. જેના આધારે નાગરિકોની ફરિયાદોનુ ત્વરિત નિરાકરણ આવશે.

## નવાં કલેવર

● ૪ પાનાનું ચાલુ...

તમાશો જોવા આવ્યાં હતાં. કેટલાંક તો આઘાં પાછાં થવાની પેરવી કરવા લાગ્યા. 'સાલ્લાં, બધાં કાયર છે.' તે ધૃણા સાથે બોલી. અને નાની બાળકીને દુપટ્ટામાં લપેટીને ઊંચકી લીધી. બધા લોકો તેને જતી જોઈ રહ્યા. કેટલાક લોકો તેની પાછળ પાછળ જતા હતા. પણ મદદરુપ કોઈ થયું નહીં. પ્રતિક્ષા પણ તેમાંની એક હતી એ વાતે તેનો જીવ બળતો હતો. પોતે કંઈ કરી શકી નહીં તેનો અફસોસ તેને થતો હતો. તેને એમ થતું હતું કે પેલી દુબળી પાતળી યુવતીની જગ્યાએ હું કેમ હોઈ ન શકું? મારી પોતાની દીકરી કરતાં પણ નાની ઉંમરની એ બાળકી જે નારી જાતની ભાવિ કર્ણધાર છે. તેના માટે હું કેમ કંઈ કામ ન આવી. હું પ્રતિક્ષા ઝવેરી આમ તો મોટી મોટી વાતો કરું છું. નારી અસ્મિતા માટે ઘણું બધું લખું અને બોલું છું. સ્ત્રીસશક્તિકરણની વાતો કરું છું અને હું આવી કાયર? અને આજનું અખબાર પણ જાણે તે દિવસના સમાચારની દાસ્તાનને દોહરાવતું કહી રહ્યું હતું. 'છેવટે ત્રણ દિવસના ડૉકટરોના અથાક પ્રયત્નોના કારણે બાળકી હવે ખતરાથી બહાર છે. તેનું શ્રેય જો કોઈને જતું હોય તો તે સ્થાનિક કૉલેજની એમ.કોમ.' ની વિદ્યાર્થીની કુ. ટ્વિન્કલને જાય છે.

## નોટબંધી...

● પહેલા પાનાનું અનુ.

ધ્યાન આપવામાં આવ્યું હોત તો દેશમાં સ્વચ્છતા ઝુંબેશ સફળ થઈ ગઈ હોત. મોદીએ એમ પણ કહ્યું હતું કે, કોઈપણ વ્યક્તિ બચી શકશે નહીં. દેશના લોકોને જવાબો આપવા પડશે. તેમની કેબિનેટે પહેલો નિર્ણય બ્લેકમની ઉપર એસઆઈટીની રચના કરીને કર્યો હતો. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ જ એસઆઈટીની રચના કરવામાં આળી હતી. મોદીએ જુદા જુદા વિષય ઉપર વિસ્તારપૂર્વક વાતર કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, નોટબંધી અંગેનો નિર્ણય ઉતાવળમાં લેવામાં આવ્યો ન હતો. આડેધડ વિચાર્યા વગર આ નિર્ણય કરવામાં આવ્યો ન હતો. દેશમાં વર્ષભરના સમગ્ર કારોબારના અડધાથી વધુ કામ દિવાળીના સમયે થાય છે જેથી દિવાળીના સમયે જ નોટબંધીનો નિર્ણય કરાયો હતો. અર્થવ્યવસ્થાને લઈને મોદીએ અનેક તથ્યો રજૂ કર્યા હતા. નોટબંધીના નિર્ણયની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, તબીબ પણ કહે છે કે, ઓપરેશનથી પહેલા દર્દીની હાલત સ્થિર થવી જોઈએ. તબીબ એ જ વખતે ઈલાજ કરે છે જ્યારે દર્દીના બીપી અને સુગરની સ્થિતિ યોગ્ય રહે છે. જેથી અમારા માટે પણ આ યોગ્ય સમય હતો. નોટબંધી જેવા ખુબ જ કઠોર અને ઐતિહાસિક નિર્ણય લેવાનો આ યોગ્ય સમય હતો. વિપક્ષનો આક્ષેપ રહ્યો છે કે, અર્થતંત્રની ગતિ ઝડપી હતી ત્યારે નોટબંધીનો નિર્ણય કરીને વિકાસની ગતિ ઉપર બ્રેક કેમ મુકવામાં આવી છે. આના જવાબમાં મોદીએ કહ્યું હતું કે, નોટબંધીમાં સરકારે કેટલાક નિર્ણય પહેલાથી જ વિચાર્યા હતા. જ્યારે ભાજપ વિપક્ષમાં હતો ત્યારે એવા અહેવાલ આવતા હતા કે, કોલસા કૌભાંડમાં કેટલા ગયા, સ્પેક્ટ્રમ કૌભાંડમાં કેટલા ગયા. આજે માહોલ બદલાઈ ગયો છે. હવે અવાજ આવે છે કે મોદી કેટલા લાવ્યા.

**જાહેર નિવિદા નં. ૬, સને ૨૦૧૬-૧૭**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી પાટનગર યોજના પેટા વિભાગ નં. ૯, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૦૬ (ટે. નં. ૨૩૨૫૯૧૬૫/૬૬)ની કચેરી તરફથી રીકન્સ્ટ્રકશન ઑફ એકઝેસ્ટીંગ મેનહોલ / ચેમ્બર ઓન ખ-રોડ (ખ-૪ થી ખ-૫ જંકશન) ઈન જી.ટી.એસ. અંગેના કામની અંદાજિત કિંમત ૨,૯૩,૪૦૦/- છે. જે ટેન્ડરો 'ઈ-૨' અને ઉપરની શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતી એજન્સીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડર ફોર્મ ઈસ્યુ કરવાની છેલ્લી તા. ૧૭-૨-૨૦૧૭ છે અને ભાવ ભરેલ ટેન્ડર જી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૨૩-૨-૨૦૧૭ છે. આ કામની વધુ વિગતો માટે કચેરી સમય દરમિયાન રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

માહિતી/૨૬૭૧/૧૬-૧૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ